# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની ૩૦૪મી બોર્ડ બેઠક

## તા.૦૯/૦૪/૨૦૨૫ના રોજ સ.ક.૦૩:૩૦

---

મુદ્દા ક્રમાંક : ૩૧

પુરસ્કરણ : એસ્ટેટ શાખા

વિષય : મોજે શેલા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(શેલા)ના અંતિમ ખંડ નં.૧૮૬, મોજે દહેગામ, નગર રચના યોજના નં.૨ ના અંતિમ ખંડ નં.૩૩૯ ની જમીનમાં સત્તામંડળ દ્વારા બનાવવામાં આવી રહેલ ઓડિટોરિયમ, બેન્ક્વેટ હોલ તથા મલ્ટીપર્પઝ હોલ ભાડેથી આપવા હુકમની શરતોમાં ઉમેરો કરવા બાબત.

કામ : અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે શેલા, નગર રચના યોજના નં.૧(શેલા)ના અંતિમ ખંડ નં.૧૮૬ની જમીનમાં ૧૦૫૪ બેઠકની ક્ષમતા ધરાવતો એ.સી.થી સજ્જ ઓડીટોરીયમ હોલ, અંદાજિત ૬૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો એ.સી.મલ્ટિપર્પઝ હોલ તથા અંદાજિત ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો એ.સી. બેન્ક્વેટ હોલ, મોજે દહેગામ, નગર રચના યોજના નં.૨ ના અંતિમ ખંડ નં.૩૩૯ના જમીનમાં ૬૨૩ બેઠકની ક્ષમતા ધરાવતો એ.સી.થી સજ્જ ઓડીટોરીયમ હોલ, અંદાજિત ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો એ.સી. બેન્ક્વેટ હોલ તૈયાર કરવામાં આવેલ છે.

ઉપરોકત સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ સદરહુ સુવિધાઓની જાળવણી તથા સંચાલન માટે RFP બહાર પાડવાની કાર્યવાહી જારીમાં છે. જે બાબતે સદરહુ RFP ની પ્રક્રિયા પૂર્ણ થઇને જ્યાં સુધી એજન્સીની નિમણુંક થાય ત્યાં સુધી સદરહુ ઓડિટોરિયમ, બેન્ક્વેટ હોલ તથા મલ્ટીપર્પઝ હોલનો લાભ વધુમાં વધુ લોકો મેળવી શકે તેવા જાહેર હેતુને ધ્યાને લેતાં ભાડાના દરો વસૂલી ભાડેથી આપવા બાબતે સત્તામંડળની તા.૦૮/૧૨/૨૦૨૩ના રોજની ૨૯૭મી બોર્ડ બેઠકમાં નિર્ણય લઈ સદરહું મિલકત ભાડેથી આપવા બાબતેની શરતો તેમજ ધારા-ધોરણો નક્કી કરવા મંજુરી આપવામાં આવેલ. જેમાં માનનીય મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા દ્વારા આપેલ આદેશ અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના હોલ ભાડાના વપરાશ અંગેની અરજી પત્રકની શરત નં-૧૮ તથા શરત નં-૨૪ સત્તામંડળ દ્વારા ભાડેથી આપવાના હુકમની શરતોમાં ઉમેરો કરવાનો થાય છે. જેમાં નીચે મુજબની જોગવાઈ થયેલ છે.

<u>શરત નં-૧૮.</u> કોમ્યુ.હોલ/પીકનીક હાઉસ/પાર્ટી-પ્લોટ/ઓપન એર થિયેટરનો ઉપયોગ ન કરવો હોય તો વપરાશના ચોખ્ખા આઠ દિવસ અગાઉ અરજી કરેથી અને તે જગ્યા તે તારીખે અન્યનું બુકીંગ થશે તો ભરેલી હોલની વપરાશ ફી ની રકમમાંથી ૫૦ ટકા કેન્સલેશન ચાર્જ કાપી લઈ બાકીની ફી રીફંડ આપવામાં આવશે. પરંતુ તે તારીખે હોલ બુક ન થાય તો ૭૫ ટકા કેન્સલેશન ચાર્જ કાપી લઈ બાકીની ફી રીફંડ આપવામાં આવશે. જો સમય મર્યાદામાં લેખિત અરજી નહી કરવામાં આવેતો જે તે જગ્યાનાં ભરેલ ભાડાની રકમમાંથી કોઈ પણ રકમ પરત મળવાને પાત્ર થશે નહી.

Scanned with OKEN Scanner

શરત નં-૨૪. હોલની બુકિંગ કરાવેલ તારીખના બદલે જો અન્ય ઉપલબ્ધ તારીખે હોલનો ઉપયોગ કરવાનો હોય તો વપરાશના ચોખ્ખા સાત દિવસ અગાઉ બુકિંગ તારીખ બદલવા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અરજી કર્યેથી રૂ.૫૦૦/- તારીખ બદલવા માટેની ફી ઔડામાં ભરપાઈ કર્યેથી નિયમો ને આધિન તે જ હોલની તારીખ ખાલી હશે તો એસ્ટેટ શાખામાંથી તારીખમાં ફેરફાર કરી આપવામાં આવશે. તારીખ બદલાવ્યા બાદ બદલાવેલ તારીખે હોલનો ઉપયોગ કરવાનો નહી હોય તો માત્ર ડીપોઝીટ પરત કરવામાં આવશે.

આમ ઉપરોકત શરતોનો હોલ ભાડેથી વપરાશ કરવા અંગેની હુકમની શરતોમા ઉમેરો કરવા અંગેની મંજુરી આપવા બોર્ડ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી. જે અંગેની આગળની તમામ આનુષાગિક કાર્યવાહી માટે માન ચેરમેનશ્રી/માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવા બોર્ડ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી..

ઠરાવ ક્રમાંક : ૩૧ (૨૦૨૫-૨૬)

બોર્ડમાં થયેલ વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે સત્તામંડળ દ્વારા બનાવેલ તમામ ઓડિટોરિયમ, બેન્ક્વેટ હોલ તથા મલ્ટીપર્પઝ હોલ ભાડેથી વપરાશ કરવા અંગેના હુકમની શરતોમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના હોલ ભાડાના વપરાશ અંગેની અરજી પત્રકની શરત નં-૧૮ તથા શરત નં-૨૪ની શરતોનો ઉમેરો કરવા બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો. તેમજ તે અંગેની આગળની તમામ આનુષંગિક કાર્યવાહી કરવા માટે માન.ચેરમેનશ્રી/ માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

મામલતદારશ્રી

એસ્ટેટ અધિકારીશ્રી

અધિક કલેકટરશ્રી

મુખ્ય કારોબારી અધિકારીશ્રી

ચેરમેનશ્રી

Scanned with OKEN Scanner